Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કુલસચિવની ભરતી અંગે હકીકતલક્ષી માહિતી

યુનિવર્સિટી દ્વારા કુલસચિવની નિયમિત / કાયમી ધોરણે જગ્યા ભરવા માટે Employment Notice No GAD/EmpNotice/20177/2017, Date:25/09/2017 થી જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. જે અન્વયે યુનિવર્સિટી કાર્યાલયને વિવિધ ઉમેદવારો તરફથી અરજીઓ પ્રાપ્ત થઇ હતી. પરંતુ ત્યારબાદ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના પરિપત્ર ક્રમાંક : પગર /1208/3662/પાર્ટ ફાઈલ /ખ-2, તા.22/11/2018થી કુલસચિવની જગ્યા માટે જરૂરી ધારા ધોરણો નિયત કરવામાં આવેલ, જે અન્વયે કુલસચિવની જગ્યા માત્ર પાંચ વર્ષની મુદ્દતી જગ્યા તરીકે ભરતી કરવાનું ઠરાવવામાં આવેલ હતું. જેથી યુનિવર્સિટી દ્વારા ઉપરોક્ત કુલસચિવ ની નિયમિત / કાયમી ધોરણે જગ્યા ભરવા માટેની તા. 25/09/2017 થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે અરજી કરેલ ઉમેદવારોને અરજી ફી ની રકમ પરત કરી પુન: જાહેરાત આપવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. જે સંદર્ભે અરજી કરેલ ઉમેદવારોને અરજી ફી ની રકમ પરત કરવાની કાર્યવાહી ચાલુ છે.

યુનિવર્સીટી દ્વારા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના પરિપત્ર ક્રમાંક : પગર /1208/3662/પાર્ટ ફાઈલ /ખ-2 તા.22/11/2018થી કુલસચિવની જગ્યા માટે નિયત કરવામાં આવેલ જરૂરી ધારા ધોરણો મુજબ પાંચ વર્ષની મુદ્દત માટે Employment Notice No GAD/SFP /EmpNotice/12597/2019, Date:10/07/2019 થી જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. જે અન્વયે યુનિવર્સિટી કાર્યાલયને પ્રાપ્ત થયેલ અરજીઓની સ્ક્રૂટીની સંદર્ભે ઉમેદવારોના પગાર / અનુભવના અધિકૃત દસ્તાવેજો મંગાવતા માત્ર એક જ ઉમેદવાર એલિજિબલ થતા હોય આ સંજોગોમાં કુલસચિવની જગ્યા માટે ન્યાયપૂર્ણ પ્રક્રિયા મુશ્કેલ બની શકે જેથી પુન: જાહેરાત આપવાની સ્ક્રૂટીની કમિટીની ભલામણ અન્વયે યુનિવર્સિટી દ્વારા કુલસચિવની જગ્યા માટે Employment Notice No GAD/EmpNotice/6188/2020, Date:30/07/2020 થી પુન: જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. Employment Notice No GAD/SFP /EmpNotice/12597/2019, Date:10/07/2019 થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે યુનિવર્સિટીને મળેલ અરજીઓની એલિજિબિલિટી અંગેનો સ્ટેટસ રિપોર્ટ યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે તેમજ સદરહુ અરજીઓ પરત્વે યુનિવર્સિટી દ્વારા કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ હોય ઉમેદવારોની ફી ની રકમ પરત કરવામાં આવશે નહીં.

આમ, યુનિવર્સિટી દ્વારા કુલસચિવની જગ્યા માટે યુનિવર્સિટી અને સરકારશ્રીના નિયમોનુસાર ભરતી પ્રક્રિયા કરવામાં આવેલ છે અને કરવામાં આવી રહી છે.

તા. 04/08/2020

ઈ.ચા. કુલસચિવ